# આવાસ અંગેની યોજનાઓ

## ડૉ. આંબેડકર આવાસ યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના કુટુંબોને કે જેઓ પાસે રહેવા લાયક મકાન નથી તેઓને નિયમોનુસાર આ યોજનામાં લાભ મળી શકે. તેઓનું મકાન જર્જરિત હોય અથવા તેઓ પાસે પોતાનો ખૂલ્લો પ્લોટ ધરાવતા કુટુંબોને સહાય મળી શકે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, (શહેરી વિસ્તાર માટે).
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે).
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં કુલ રૂા.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.
- જેમાં પ્રથમ હપ્તો રૂા.૪૦,૦૦૦/-.
- બીજો હપ્તો રૂા.૬૦,૦૦૦/-.
- અને ત્રીજો હપ્તો રૂા.૨૦,૦૦૦/-.

### કયા કયા પુરાવાઓ જોઈએ

આવકનો દાખલો, જાતિનો દાખલો, રેશનકાર્ડની નકલ, આધારકાર્ડ, બાંધકામની રજા ચિઠ્ઠી, બેંક પાસબુકની નકલ, અરજદારનો અરજી સાથે ફોટોગ્રાફ, બાંધકામ એસ્ટીમેન્ટ, પ્લાન, પ્લોટનો દસ્તાવેજ, ૨-નંબરનો ઉતારો, જર્જરિત મકાન હોય તો માલિકીની વિગતો.

